# SAVE TIME

## Time is Biggest Treasure on the Earth

સમયનો શ્રેષ્ઠ ઉપયોગ વ્યક્તિના વિકાસમાં અને સફળતામાં મોટો ભાગ ભજવે છે. દુનિયામાં દરેક લોકોને એકસરખા સમયની કુદરત દ્વારા નવાજેશ કરવામાં આવી છે. સામાન્ય રીતે માણસ જાતની એવી વૃતિ સર્વત્ર જોવા મળે છે કે જે ચીજનું બહુજ મૂલ્ય આપ્યું હોય તેનું તે બહુજ જતન કરે છે. તેની કદર કરે છે. પરંતુ સમય જેવી અમૂલ્ય ચીજ માણસ ને વિનામુલ્યે મળી ગઈ હોવાથી તેની દરકાર કરવાની તે અવગણના કરે છે.

આમ જોવા જાઓ તો દુનિયામાં જે કઈ કામ કરવું હોય તેના માટે જો કોઈ અનિવાર્ય હોય તો તે સમય છે. સવારે જાગીએ ત્યાર થી આપણી તહેનાતમાં ચોવીસ કલાક હાજર થઇ જાય છે. અને આ દસ્તુર કોઈ આજ કાલ નો નથી પરાપૂર્વ થી ચાલ્યો આવે છે. હવે આ સમય ની જે નવાજેશ થઈ તેનો ઉપયોગ કઈ રીતે થાય છે તેના પર વ્યક્તિ ની જિંદગીની દિશાનો , સફળતાનો, નિષ્ફળતાનો, અને દુનિયા પર તેની ઓળખ છોડી જવા નો આધાર રહેલો છે.

**વાત સમય ની સરકતી રેતી વિશેની ::::::**

# સમયને સથવારે

પાત્રો- સમય
વેદાંત
પ્રદીપભાઈ

સમય : અરે! તમે બધા ક્યાં દોડી રહ્યા છો? જરા મારા તરફ જુઓ તો ખરા, જરા તો મારાતરફ નજર માંડો.જો હું એકવખત તમારા હાથમાંથી છટકી જઈશ તો ક્યારેય તમારા હાથમાં પકડાઈશ નહીં. મને પકડવા તો તમે આખી જિંદગી દોડો છો, અને જ્યારે હું સામે ચાલીને તમને મળવા આવ્યો છું ત્યારે તમે મને નજરઅંદાજ કરી રહ્યા છો.

અરે! હા, હું તો ભૂલી જ ગયો કે ઈશ્વરે મને અહીં **"PRICE TAG"** વગર મોકલ્યો છે ને એટલે તમને મારી કોઈ જ કિંમત નથી. તમે માણસો કાયમ મારી સાથે ઝઘડો કરો છો, મને ફરિયાદ કરો છો કે મારે માટે તું ક્યારે સુધરીશ? મારો એક જ જવાબ છે કે તું ક્યા મને બગાડે છે તે શોધી કાઢ એટલે હું આપોઆપ સુધરી જઈશ. મેં તો મારી બધી શક્તિ તને આપી દીધી છે, હવે તારા હાથમાં છે કે તું તેને કેવી રીતે વાપરે છે. ઓળખ્યો મને? ના ઓળખ્યો. તો ચાલો હું તમને મારો પરિચય આપું.

*(વેદાંત દોડતો- દોડતો સ્ટેશન પર આવે છે.)*

પ્રદીપભાઈ : વેદાંત આવ, જલ્દી આવ. લે મારો હાથ પકડી લે.

વેદાંત : Thank you uncle.

પ્રદીપભાઈ : અરે બેટા, કેમ આજે આટલુ બધુ મોડું થઈ ગયુ? અઠવાડિયાનાં ચાર દિવસ તો તું દોડતો જ આવીને ટ્રેન પકડે છે. સવારે જરા વહેલો ઉઠીને સમયસર સ્ટેશન આવી જતો હોય તો? ન કરે નારાયણ ને ક્યારેક કંઈક થઈ ગયુ તો ?

વેદાંત : અરે! અંકલ એમ કંઈ ગભરાઈ ગભરાઈને જિંદગી થોડી જ જીવી શકાય છે! જે થવાનું છે તે તો થઈને જ રહેશે, તમે કે હું એને કંઈ થોડા જ રોકી શકવાના છીએ.

પ્રદીપભાઈ : સાચી વાત છે બેટા. સમયનું ચક્ર તો ચાલતુ જ રહે છે. સમયને આંબવા માટે દોડાદોડી કરતો માનવી છેવટે હાંફીને મૃત્યુ પામે છે, પરિણામે જીવતરનો સમય માણવાનું ચુકી જાય છે.

વેદાંત : અરે, અંકલ, તમે તો સિરિયસ થઈ ગયા.

પ્રદીપભાઈ : શું કરૂં દિકરા? સમયનું મૂલ્ય ના સમજી શકનાર મારા દિકરાને હું આ સમયનાં ચક્રમાંથી

બચાવી ન શક્યો. આથી, તારા જેવા જુવાનિયાઓને રોજ રોજ મોતનાં મુખમાં જતા જોઉં છું ત્યારે ખૂબ જ દુ:ખ થાય છે.

વેદાંત : માફ કરો અંકલ, પણ મારો ઈરાદો તમને દુ:ખી કરવાનો ન હતો.પણ શું કરૂ? આખો દિવસ તો કામનાં ઢસરડામાં એવો પૂરો થઈ જાય છે કે ફક્ત રાત્રે જ થોડો સમય મિત્રો સાથે મજાક મસ્તી કરવાનો મળે છે. એટલે અઠવાડિયામાં બે ત્રણ દિવસ બધાં મિત્રો ભેગા થઈ કોઈ દિવસ ફીલ્મો જોઈએ, ગપ્પા મારીએ કે પછી પાર્ટી કરીએ છીએ. એટલે રાત્રે સૂતા મોડું થઈ જાય છે અને દોડીને ટ્રેન પકડવી પડે છે.

પ્રદીપભાઈ : અરે! તમારા જેવા જુવનિયાઓની આ જ તો મુશ્કેલી છે કે, મોજ મજા પાછળ અડધી જિંદગી બગાડી નાખે છે અને પછીની અડધી જિંદગી રડવામાં.

**" સમય વીતી ગયા પછી રોદણાં સૌ રડે છે,**
**સમય એને શાંતિથી હાથે કરીને ધોવે છે."**

વેદાંત : પરંતુ આજ તો ઉંમર છે જિંદગીને માણવાની. જો આ ઉંમરે અમે બધાં મોજ શોખ નહીં કરીશું તો શું તમારી જેમ ઘડપણમાં કરીશું?

પ્રદીપભાઈ : આ જ તો તમારી ભૂલ છે. જિંદગીને માણવાની કોઈ જ ઉંમર હોતી નથી, પરંતુ એ માટે જિંદગીને માણવાલાયક તો બનાવવી પડે ને? ફીલ્મો જોવી, ગપ્પા મારવા, પાર્ટીઓ કરવા જેવી તદ્દન નિરુપયોગી પ્રવૃત્તિઓ પાછળ તમે તમારા અમૂલ્ય સમયનો ભોગ આપી રહ્યા છો અને સમય નથી ની ટેપ વગાડતા પોતાનાં અગત્યનાં કામોની અવહેલના કરો છો. હમણાં તો તમે તમારી ઉંમરનાં સુવર્ણકાળમાંથી પસાર થઈ રહ્યા છો એટલે તમને સમયની કિંમત ન સમજાય પરંતુ, જ્યારે અમારી ઉંમરે પહોંચશો ત્યારે તમને સમયનો સદુપયોગ ન કર્યાનો પસ્તાવો થશે અને ત્યારે સમયને વેડફવાના પસ્તાવા સાથે ગાવું પડશે,

**" શૈશવ ખેલ રમતમાં વિતાવ્યું,**
**યૌવનધન કામ માંહી ગુમાવ્યું,**
**હવે ઘડપણ ભૂંડુ આવ્યુ રે...**
**જો જો જન્મારો એળે ન જાય."**

વેદાંત : ખરેખર, અંકલ તમારી વાત તો સાચી છે પણ અમે કઈ રોજ આ રીતે પાર્ટી તો નથી કરતા, આ તો ફક્ત ક્યારેક ચેઈન્જ માટે. છતાપણ વધારાના કામ માટે તો સમય બચતો જ નથી.

પ્રદીપભાઈ : સાચી વાત.

**"પૈસાની દોડમાં એવા દોડ્યા કે,**
**થાકવાનો સમય નથી,**
**પારકા અહેસાસોની શું કદર કરીએ ,**
**જ્યાં પોતાના સપનાની કદર નથી."**

દિકરા, સમય કંઈ પૈસા થોડા જ છે, કે તું એને બચાવશે , બેંકમાં મૂકી સાચવશે કે આજે બચાવેલો સમય આવતીકાલે વાપરશે. હાથમાંથી નીકળેલો સમય ખોળિયામાંથી નીકળેલા પ્રાણ જેવો છે. એકવાર હાથમાંથી સરકી ગયો તો પાછો ક્યારેય મળશે નહિ.

કબીરે સાચુ જ કહ્યું છે,

**" કાલ કરે સો આજ કર આજ કરે સો અબ,**

**પલમેં પ્રલય હોયેગા બહુરી કરેગા કબ"**

કહેવાય છે ને કે, લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે કપાળ ધોવા ન જવું. – મળેલો સમય તો ઝડપી જ લેવો.

વેદાંત : પણ અંકલ મુશ્કેલી એ જ છે ને કે આખા દિવસમાં વધારાનો સમય કાઢવો ક્યાથી?

પ્રદીપભાઈ : વેદાંત, તું મારા એક પ્રશ્નનો જવાબ આપ. ગાય આપણને દૂધ આપે છે?

વેદાંત : અંકલ, તમે પણ શું , કેવા સવાલ પૂછો છો? ગાય તો દૂધ આપે જ ને.

પ્રદીપભાઈ : અહીં જ તો તમે માર ખાઈ જાવ છો ને! જરા શાંતિથી વિચારશો તો ખબર પડશે કે, ગાય દૂધ આપતી નથી પણ આપણે તેને દોહવી પડે છે ત્યારે આપણને દૂધ મળે છે. એ જ રીતે સમય પણ આપણને મળતો નથી પણ આપણી દિનચર્યામાંથી કાઢવો પડે છે.

વેદાંત : પણ એ કઈ રીતે કાઢી શકાય?

પ્રદીપભાઈ : એ માટે તારે તારી LIFE ની PRIORITY નક્કી કરવી પડે કે, તારી જિંદગીમાં મહત્વનું શું છે? તારા સપના શું છે? જો તારું ધ્યેય સ્પષ્ટ હોય તો તું જરૂરથી રોજ થોડો સમય બચાવી શકે.

વેદાંત : પણ એ કેવી રીતે? વિસ્તારથી સમજાવશો?

પ્રદીપભાઈ : જો, તું હમણાં જે કંઈ નોકરી, ધંધો કે પ્રોફેશનમાં છે તે તો તારે કરવું જ પડશે. જેમાં તુ સમયનો ઉપયોગ કરે છે.બીજુ, તુ ફીલ્મો, પાર્ટી કે ગપ્પા મારવામા સમયનો બગાડ કરી રહ્યો છે તે સમય બચાવીને તું સમયનું ઈન્વેસ્ટમેંટ કરી શકે છે.

વેદાંત : એ કઈ રીતે?

પ્રદીપભાઈ : એ સમયમાં તું સારા પુસ્તકોનું વાચન કરી શકે છે, તને મનગમતી કોઈ પ્રવૃત્તિ કરી શકે છે, તારા ફેમિલીને ક્વોલિટી સમય આપી શકે છે. જે તને ભવિષ્યમાં ક્યારેક ને ક્યારેક ઉપયોગી થઈ શકે છે

વેદાંત : ખરેખર, તમારી વાત તો એકદમ સાચી છે.

પ્રદીપભાઈ : બીજું, જો તું દિવસમાં ફક્ત ૧૫ મિનિટ બચાવી શકે તો એક વર્ષમાં બે અઠવાડિયા બરાબર થાય અને આ વધારાનાં બે અઠવાડિયામાં તું ઘણુંબધું કરી શકે.

વેદાંત : અરે,વાહ! મેં તો આવું ક્યારેય વિચાર્યુ જ ન હતુ. THANK YOU UNCLE. હવે હું આવતીકાલથી જ રોજ ૧૫ મિનિટ બચાવવાનો પ્રયત્ન કરીશ.

પ્રદીપભાઈ : બેટા, આવતીકાલથી નહીં આજથી જ. કારણકે,

**"આજ કરશું કાલ કરશું, લંબાવો નહીં દહાડા,**
**વિચાર કરતા વિઘ્નો વચમાં આવે આડા."**

વેદાંત : હા, હા અંકલ તમારી વાત એકદમ સાચી છે. હવે મને સમયનું મૂલ્ય પણ સમજાઈ ગયુ અને સમય કેવી રીતે બચાવવો તે પણ સમજાઈ ગયુ છે.

જો આપણે સમયનો યોગ્ય ઉપયોગ કરીશું તો સમય આપણો દોસ્ત બનશે પરંતુ સમયને વેડફતાં આપણે સમયનાં દાસ બનવું પડશે.

હવે, હું મારા સમયનું યોગ્ય આયોજન કરીને મારા ધ્યેય સુધી પહોંચીને જ રહીશ.

**" સમયને કાંડે બાંધી, મહેનત જે કરે છે**
**સમય તેને છોડીને ભાગતો નથી સંગાથે દોડે છે."**

સમય : મિત્રો, હવે ઓળખ્યો મને? હા, હું 'સમય' છું. એ જ સમય કે જે તમારી પાસે હોય છે ત્યારે તમને તેની કદર નથી હોતી પરંતુ એ ચાલ્યો જાય છે ત્યારે જ તમને એની કદર થાય છે.પરંતુ હવે તમને મારી કિંમત સમજાઈ ગઈ હશે તો મારો બગાડ કરવાનું બંધ કરો. ઊઠો, જાગો અને મારી સાથે દોડવા તૈયાર થઈ જાવ.

[ સમાપ્ત ]